## જન્મદિને વધામણી



**અંબુસિંહ ગોલ**
ડિરેક્ટર
આકાશ ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ લિ.
ટ્રસ્ટી
શ્રી કમલાપુંજ ચેરીટેબલ ટ્રસ્ટ
મો. ૯૮૨૫૫ ૨૩૫૩૫



**રાજદીપસિંહ વાઘેલા**
મો. ૭૩૮૩૭ ૪૯૭૫૬



**હેતલ પી પટેલ**
મો. ૯૮૨૫૨ ૯૦૩૨૨



**જયેન્દ્રસિંહ ગોહિલ**
મો. ૯૯૭૪૨ ૨૨૭૫૩

# સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે
# આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૨
સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે તાજેતરમાં એક દિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યુનિવર્સિટીના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના રજિસ્ટ્રાર સુશીલકુમાર ઠાકુરે મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. આ સેમિનારમાં જાપાનની પીએચપી સંસ્થાના તિજીરો સાતો અને યોંજી શીમદાએ પેનાસોનિકના ફાઉન્ડર, કોનોસકે માત્સુશિતાની બિઝનેસ ફિલોસોફીના આવશ્યક સિદ્ધાંતોને અનુલક્ષીને 'ઍન્ટરપ્રેન્યોરીઅલ લીડરશીપ એન્ડ ઈનોવેશન મેનેજમેન્ટ' વિષયે ઉંડાણપૂર્વક વ્યાખ્યાન આપ્યું હતું. આ સમરાંભમાં સંસ્થાનાં ઈન્ક્યુબેશન સેન્ટરના વડા ચંદ્રમોલી પાઠકે આ સેમિનારનું આયોજન કરવા પાછળના ઉદ્દેશ વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી અને આભાર દર્શન કર્યું હતું.

કાર્યક્રમના અંત ભાગમાં વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળા દ્વારા
# વિદ્યાર્થીઓ માટે એક દિવસીય પ્રવાસ યોજાયો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના ધોરણ-૪,૫ના વિદ્યાર્થીઓ માટે બહુચરાજી, મોઢેરા સૂર્યમંદિર, પાટણ, સિદ્ધપુર, ઉંઝા અને ઐઠોરના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૩૩ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. સઘળાં સ્થળોએ વિદ્યાર્થીઓએ જોવાલાયક, ઐતિહાસિક સ્મારકો નિહાળ્યાં હતાં અને તેમના અંગે વિગતે માહિતી પ્રાપ્ત કરી હતી. એક દિવસ માટે ભણતરનો ભાર માથેથી ઉતારીને તેમણે આનંદ સાથે ફરવાની મજા પણ લીધી હતી અને આપણી સમૃદ્ધ વિરાસતનો વિશદ પરિચય પણ મેળવ્યો હતો.

# શ્રી જયપ્રકાશ વિદ્યાલય દ્વારા ૧૫૦મી ગાંધી જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા. ૨
રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦ જન્મજયંતિ નિમિત્તે શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક વિભાગના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રભાતફેરીથી કરવામાં આવી હતી. ત્યારબાદ સર્વધર્મ પ્રાર્થના યોજવામાં આવી હતી અને વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીવિચારોનું વાચન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ પૂ. બાપુના સ્વચ્છતા, સ્વદેશી તથા ખાદીના ઉપયોગ દ્વારા ગ્રામ સ્વરાજ અને લોક ઉત્થાન વિશેના વિચારો અભિવ્યક્ત કર્યા હતા.

કાર્યક્રમના આયોજનમાં શંકરજી વિહોલ તથા અરૂણભાઈ પટેલે સક્રિય રસ લીધો હતો. અજિતસિંહ સોલંકીએ પોતાની રસાળ શૈલીમાં ગાંધીગીતો ગાઈને વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમના અંત ભાગમાં વિદ્યાર્થીઓએ સ્વચ્છતા માટેનો સંકલ્પ ગ્રહણ કર્યો હતો.

## આજથી અમદાવાદમાં ગાંધીનગરના ચિત્રકારોના ચિત્ર પ્રદર્શનનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨
હઠીસિંહ સૅન્ટર, અમદાવાદ ખાતે ગાંધીનગરના ચિત્રકારોનું પ્રદર્શન ૩થી ૭ ઑક્ટોબર દરમિયાન આયોજિત કરવામાં આવ્યું છે.

'સમન્વય' શિર્ષક હેઠળ આયોજિત આ ચિત્ર પ્રદર્શનમાં વનમાળી ઠાકોર, વત્સલ વોરા, પ્રકાશ જોશી, હાર્દજ્ઞ વોરા, હિમા વોરા, ધવલ અગ્રાવત, કલ્પેશ પરમાર, કશ્યપ સુથાર, પ્રેમકુમાર પ્રજાપતિ અને હરપાલસિંહ ઝાલાનાં ચિત્રો સમાવવામાં આવ્યાં છે. ચિત્ર પ્રદર્શનનું ઉદ્‌ઘાટન આજે સાંજે ૫.૩૦ કલાકે યોજવામાં આવ્યું હતું, જેમાં નટુભાઈ પરીખ અને વિજય શ્રીમાળી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

૩જીથી ૭મી દરમિયાન આ પ્રદર્શન સાંજે ૪થી ૮ કલાક દરમિયાન હઠીસિંહ સેન્ટર, કે એલ કેમ્પસ, ગુજરાત યુનિવર્સિટી સામે, અમદાવાદ ખાતે ખુલ્લું રહેશે. રસ ધરાવતા સૌ કલા-ચિત્રરસિકોને આ પ્રદર્શનનો લાભ લેવા ચિત્રકારો તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ૭મીએ 'મનના જમણવાર'માં રાજેશ વ્યાસની ગઝલયાત્રા

ગાંધીનગર, તા. ૨
વિચારમંચ પરિવાર અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા 'મનનો જમણવાર' કાર્યક્રમ ગાંધીનગરમાં આયોજિત કરવામાં આવ્યો છે, જેના પ્રથમ પગલાસ્વરૂપે રાજેશ વ્યાસ દ્વારા પોતાની ગઝલયાત્રાના રસપાનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં કાર્યક્રમના સંયોજક મનોજ શુક્લ અને સહસંયોજક પુલક ત્રિવેદીએ જણાવ્યું છે કે 'મનનો જમણવાર' કાર્યક્રમના પ્રથમ મણકામાં આગામી તા. ૭મી ઑક્ટોબર ને રવિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ ઑડિટોરિયમ, સૅક્ટર-૧૭, ગાંધીનગર ખાતે 'મિસ્કીનની ગઝલયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. રાજેશ વ્યાસ 'મિસ્કીન' સ્વયં તેમની ગઝલયાત્રા પ્રસ્તુત કરશે અને ત્યારબાદ ૩૦ મિનિટ સુજ્ઞ શ્રોતાઓના પ્રશ્નોના ઉત્તરો પણ પાઠવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

# સમયુક્તિ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વૃક્ષ સંવર્ધન વિષયે જાગૃતિ કાર્યક્રમ



સમયુક્તિ ઈન્ટરનેશનલ સ્કૂલ, ચંદ્રાલા ખાતે બ્રિટીશ કાઉન્સિલનો ઈન્ટરનેશનલ સ્કૂલ પ્રોગ્રામ (આઈએસએ) શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોગ્રામ અંતર્ગત 'ચાલો ધરતી ઉપર ઝાડ અને છોડનું જતન કરીએ' પ્રવૃત્તિ યોજવામાં આવી હતી. શિક્ષકો દ્વારા પાવરપોઈન્ટનો ઉપયોગ કરીને વૃક્ષોની ઉપયોગીતા બાબતે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. પ્રાથમિક કક્ષાએથી જ વૃક્ષોનું જતન કરી પર્યાવરણ સંવર્ધન દ્વારા ગ્લોબલ વૉર્મિંગનાં સમાધાન માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવાના હેતુસર આ ઉપક્રમ યોજવામાં આવ્યો હતો.




ગાંધીનગર, તા. ૨
ગાંધીનગર શહેર અને તાલુકા કક્ષાનું જવાહર નવોદય ગણિત-વિજ્ઞાન પ્રદર્શન તાજેતરમાં યોજવામાં આવ્યું હતું, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ત્રણ સુંદર કૃતિઓની પ્રસ્તુતિ કરી હતી.

વિભાગ-૩, સંસાધન અને વ્યવસ્થાપનમાં 'પર્યાવરણમિત્ર બોટ' રામચંદ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં દ્રોણ બલાસરા અને પ્રિયાંશુ પનારાએ, વિભાગ-૪, 'કચરાનું વ્યવસ્થાપન'માં નકામાં પ્લાસ્ટિકમાંથી ચીજવસ્તુ બનાવી જમીન, પાણી અને હવાનું પ્રદૂષણ ઘટાડતું મૉડેલ વિક્રમભાઈ કે પટેલના માર્ગદર્શનમાં સમીર પ્રજાપતિ, ધૃવિલ પટેલે તથા વિભાગ-૫, ગાણિતીક નમૂનાના નિર્માણમાં 'ઉચ્ચાલનના સિદ્ધાંત દ્વારા ગુણાકાર, ભાગાકાર, સરવાળા બાદબાકી' વગેરેની સમજ આપતું મૉડેલ અશોકભાઈ એસ પટેલના માર્ગદર્શનમાં વિદ્યાર્થી કિરાત જોષી અને ધ્રુવ પટેલ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

આચાર્ય નીવાબેન પટેલે શાળા પરિવાર વતી બાળ વૈજ્ઞાનિકો તથા માર્ગદર્શક શિક્ષકોને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

## સાંપ્રત સમયના પ્રશ્નો અને સમસ્યાઓનાં વિચારવલોણાંનું નવનીત : મુક્તકંઠ







કોઈ ઉદ્દેશ વિના કંઈપણ થતું નથી. આવું જ લખવાની બાબતમાં પણ બનતું હોય છે. તેમાં પછી અનેક વિષયો અને વ્યક્તિઓ ભળતી રહે ત્યારે જે પરિણામ પ્રાપ્ત થાય તે વિચારો છૂટાછવાયા હોય તેનો એક ગુલદસ્તો બને ત્યારે એક અદ્‌ભૂત પુસ્તકરૂપે તે આપણને મળે છે. આવું જ કંઈક અહીં પણ બન્યું છે, જેની વાત કરવાનો આ ઉપક્રમ છે.

'મુક્તકંઠ' પ્રવીણ ગઢવીએ લખેલા અને વિવિધ સામયિકોમાં ક્યારેક લેખરૂપે કે તંત્રીલેખ રૂપે પ્રગટ થયેલા લેખોનો સંગ્રહ છે, જેમાં ૭૨ જેટલા લેખો સમાવવામાં આવ્યા છે.

સમાજ અને રાજનીતિને પારદર્શક રીતે જોવાની અનોખી દૃષ્ટિ આ પુસ્તકના લેખોમાં છે. શાશ્વત મૂલ્યોને જરાય ઘસરકો ન પડે એ રીતે નવાં મૂલ્યોને સ્વીકારવાની ઉદારતા કેળવવામાં અને એ રીતે આજના માનવ સમાજને ઉર્ધ્વગામી બનાવવામાં આ લેખો ખરેખ ટર્નિંગ પોઈન્ટ પૂરવાર થાય તેવા છે. કેમ કે ચિંતા અને ચિંતનનો વિરલ સમન્વય એ આ પુસ્તકનું ઉજળું પાસું છે.

'મુક્તકંઠ' પુસ્તક લેખકે આજીવન શબ્દસાથ નિભાવનારા લેખકમિત્રો નીરવ પટેલ, હરીશ મંગલમ, ચંદુ મહેરિયા, મનીષી જાનીને અર્પણ કર્યું છે. તે પછી રવીન્દ્રનાથ ઠાકુરનું ખૂબ જ જાણીતું કાવ્ય 'ચલ અકેલા' મૂકવામાં આવ્યું છે અને અવતરણગંગા રૂપે ડંકેશ ઓઝા કૃત 'વો જબ યાદ આયે' પુસ્તકમાંથી સૉક્રેટિસ, ખુશવંતસિંઘ, જવાહરલાલ નહેરુ અને ડૉ. બાબાસોબ આંબેડકરનાં અવતરણો મૂક્યાં છે, જે પુસ્તકના લેખોની વિચારધારા સાથે સંકલિત હોઈ વાચકને વિષયપ્રવેશરૂપે ખૂબ ઉપયોગી થઈ પડે તેમ લાગે છે.

'મુક્તકંઠે'ના લેખોની વાત કરતાં લેખક આ લેખો લખવા માટે નિમિત્ત બનેલાં કારણોની ચર્ચા કરે છે, જે મુજબ મિત્ર ભરત કવિના સાપ્તાહિક 'પાટનગર પ્રકાશ' માટે તેમણે અનામી તંત્રીલેખો લખ્યા અને પછીથી તે નિરીક્ષણ, નયા માર્ગ, દલિત અધિકાર, ગુજરાત ટુડે, સંગત, રેશનાલિસ્ટ સમાજ, પરિવેશ, માનવવાદ, તમન્ના, પુનરુત્થાન, શાશ્વત ગાંધી, સદ્‌ભાવના ફોરમ, ચારણ જેવાં સામયિકોમાં પ્રગટ કર્યા. આ લેખોમાં લેખકે સાંપ્રદાયિકતા, આપખુદશાહી, દરિદ્રતા, અસમાનતા, અસ્પૃશ્યતા અને અંધશ્રદ્ધા સામે અવાજ ઉઠાવ્યો છે. હાથીના કાનમાં જાણે કે મચ્છર ! પણ હાથીને કાન હલાવ્યે જ છૂટકો !

વહીવટી સેવાના ઉચ્ચ અધિકારી રહી ચૂકેલા લેખકે સાહિત્ય સાથે રાજનીતિ, વિજ્ઞાન, ઈતિહાસ, રાજકીય અર્થશાસ્ત્ર અને ચાર્વાકનો જે અભ્યાસ અને વાચન કર્યું છે તેની ઝલક અહીં આપણને તેમના લેખોમાં મળે છે.

'મુક્તકંઠ' પુસ્તકના લેખોમાં નારી સશક્તિકરણ અને આંબેડકર, ડૉ. આંબેડકરની ઝૂંટાઝૂંટ, જો અનામત ન હોય તો, પર્યાવરણ અને વિકાસ પરસ્પર શત્રુ, જાદુઈ ગુજરાત મૉડેલ, હિન્દુત્વના ઉધામા, ભ્રષ્ટાચારનાં મૂળ અને કુળ, બહુમતીનો અંતિમવાદ ખતરનાક, બદનામ મૅકોલે, અબ્દુલકલામ : ભૌતિક કે આધ્યાત્મિક વૈજ્ઞાનિક ? તળની બોલીથી વિશ્વભાષા, સાહિત્યનું રાજકારણ, પત્રકાર અને સત્ય જેવા સાંપ્રત સમયના પ્રશ્નો અને સમસ્યાઓ પર વિચારવલોણાનું નવનીત એટલે વૈવિધ્યસભર લેખોથી વાચકને મુક્તકંઠે વખાણ કરવા પડે તેવું વિચારપ્રધાન પુસ્તક.

'મુક્તકંઠ'ના લેખક પ્રવીણ ગઢવીએ કવિતા, વાર્તા, વિવેચન અને સંપાદન દ્વારા સાહિત્ય જગતને મહત્ત્વપૂર્ણ પુસ્તકો ધર્યાં છે. તેમનાં 'સુરજપંખી' પુસ્તક અને કલાપી તીર્થ પ્રૉજેક્ટને સરકાર દ્વારા પુસ્કાર પ્રાપ્ત થયાં છે. કવિ ડાયાભાઈ પટેલ ટ્રસ્ટનો સુવર્ણચંદ્રક મેળવનાર અને દલિત સાહિત્ય અકાદમીના પ્રમુખ એવા લેખકને 'સવાયા દલિત સાહિત્યકાર' તરીકે પોંખવામાં આવ્યા છે. તેમના આ પુસ્તકને આવકારું છું.

મુક્તકંઠ (સામાજિક, રાજકીય, પ્રાસંગિક ચિંતન લેખો)
લેખખ : પ્રવીણ ગઢવી
પ્રકાશક : ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ- ૨૦૧૭
કિંમત રૂા. ૨૦૦/-


## ગાંધીયાત્રા

વિશ્વ આખું ભારતને જેમના નામથી ઓળખે છે અને જેમનો જન્મદિન અહિંસા દિવસ તરીકે ઉજવે છે એ વિરલ વિભૂતિ મહાત્મા ગાંધીજીના જન્મની ૧૫૦મી જયંતિનો પ્રારંભ થઈ ચૂક્યો છે. 'ગાંધીનગર સમાચાર' પણ આ ઉજવણીમાં પોતાનું નમ્ર યોગદાન આપી રહ્યું છે.

સતત એક વર્ષ સુધી ગાંધીજી વિશેની વાતો, ગાંધીજી અંગેના લેખો, ફોટોગ્રાફ્સ, સાહિત્ય અને હકીકતોના માધ્યમથી 'ગાંધીનગર સમાચાર' ગાંધીવિચારોને, ગાંધીમૂલ્યોને પ્રસારિત કરવામાં પોતાનું યાગદાન આપશે. વાચકો, ભાવકો, લેખકોને પણ આ ગાંધીયાત્રામાં જોડાવા હાર્દિક ઈજન છે.

સત્યના પ્રયોગો અથવા આત્મકથા-ભાગ.૧, ૨ (૧૯૨૭, ૧૯૨૯) : ગાંધીજીની આત્મકથા. મૂળે ૨૯-૧૧-૧૯૨૫ થી ૩-૨-૧૯૨૯ દરમિયાન 'નવજીવન' માં હપતે હપતે છપાયેલી આ આત્મકથામાં લેખકનું જીવન ઓતપ્રોત હોવા છતાં સત્યના પ્રયોગો જ બહાર તરી આવ્યા છે. રાજ્યપ્રકરણી ક્ષેત્રના નહીં, પણ અધ્યાત્મક્ષેત્રના આ પ્રયોગોની પાછળ નમ્રતાની વૃદ્ધિ અને આત્મદર્શન એવા બે મુખ્ય હેતુ રહ્યા છે; તેથી કથા તટસ્થભાવે નિરભિમાનપણે લખાયેલી છે. એમાં સિદ્ધાંતોનું વર્ણન નથી, પરંતુ સિદ્ધાંતો પર રચાયેલાં કાર્યોનો ઈતિહાસ છે. મુખ્ય સિદ્ધાંત છે સત્યનો. લેખકને મન સત્ય સર્વોપરી છે. એમાં જ સત્યથી ભિન્ન મનાતા અહિંસા, બ્રહ્મચર્ય ઈત્યાદિ નિયમોના પ્રયોગો પણ આવી જાય છે. આથી, સત્ય જ છે અને એ સિવાય બીજું કઈ આ જગતમાં નથી એવા દિનપ્રતિદિન વધતા જતા વિશ્વાસની આ વિકાસકથા બની છે. લેખકે કહેવા યોગ્ય એક પણ વાત છુપાવી નથી અને પોતાના દોષોનું ભાન વાંચનારને પૂરેપૂરું થાય તે પ્રમાણે નિર્ભીકપણે નિરૂપણ કર્યું છે. આત્મનિરીક્ષણ ને આત્મપરીક્ષણની બેવડી ધારે ચાલતું નિરૂપણ, નિવર્યાજ સરલતાને સહૃદયતાથી ઊઘડતી જતી વાત, પ્રસંગે પ્રસંગે વણાટમાં સત્યસૂત્રનો પ્રભાવ, પ્રકરણે પ્રકરણનું વિશ્લેષણ કલેવર, વિનોદ અને નર્મવૃત્તિનો વિવેકપુરઃસર વિનિયોગ, માર્મિક અનુભવસારને ઉપસાવતી દ્રષ્ટિ, સુરુચિની સીમાને ક્યારેય ન અતિક્રમતી અભિવ્યક્તિ- આ બધાંથી શ્રેષ્ઠ આત્મકથાનો આદર્શ અહીં સ્થાપિત થયો છે. ભારતની જ નહીં, જગતભરની ઉત્તમ આત્મકથાઓમાં આ આત્મકથાનું મોખરે સ્થાન છે.

-ચંદ્રકાન્ત ટોપીવાળા




દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ (ત્રીજી સુધારેલી આવૃત્તિ, બંને ભાગ એકત્રિત, ૧૯૫૦) : પોતાની આત્મકથાની જેમ ગાંધીજીએ મૂળ ગુજરાતીમાં લેખેલો આ ગ્રંથ સાહિત્યદ્રષ્ટિએ તેમજ ઈતિહાસની દ્રષ્ટિએ મહત્ત્વનો છે. ગાંધીજીના પ્રારંભિક જીવનનો ઘડતરકાળ અને સત્યાગ્રહની એમની શોધ અંગેની મથામણ એમાં આલેખાયેલાં છે. ભારતીય સ્વતંત્રતા આંદોલનની પૂર્વભૂમિકા અહીં પડેલી છે. આફ્રિકામાં વસતા ભારતીયોને અંગ્રેજોના અત્યાચારમાંથી મુક્ત કરવા ગાંધીજીએ કરેલા પુરુષાર્થનું એમાં નિરૂપણ છે. ગાંધીજીની મક્કમતા, સત્યાગ્રહનું એમનું અનેરું શસ્ત્ર, સત્ય-અહિંસા વગેરેનાં પરિણામો-આ બધું અહીં મોજૂદ છે.

-ચંદ્રકાન્ત ટોપીવાળા




મંગળપ્રભાત (૧૯૧૧) : મોહનદાસ કરમસદ ગાંધીએ યરવડા જેલમાંથી ૧૯૩૦માં દર અઠવાડિયે આશ્રમવાસીઓ માટે મોકલેલા પ્રવચનલેખોનો સંગ્રહ. આ લેખોમાં એમણે સાબરમતી આશ્રમવાસીઓએ પાળવા માટેનાં અગિયાર વ્રતોનું સ્વરૂપ સમજાયું છે. આ વ્રતોમાં સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહ એ પાંચ ભારતીય આધ્યાત્મિક પરંપરામાં પ્રતિષ્ઠા પામેલાં વ્રત છે; તો આસ્વાદ, અભય, અસ્પૃશ્યતાનિવારણ, જાતમહેનત, સર્વધર્મ સમભાવ અને સ્વદેશી એ અન્ય છ એમણે પોતાના અનુભવ તથા દેશની તત્કાલીન સ્થિતિને અનુલક્ષીને આપેલાં વ્રત છે. આ વ્રતોના પાલન પાછળ સ્વનો વિકાસ કરવો અને એ દ્વારા સત્યનું દર્શન કરવું એ આ લેખોનું મુખ્ય લક્ષ્ય છે.

- જયંત ગાડીત

ગુજરાતી સાહિત્ય પરિષદ. કૉમ પરથી સાભાર